For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### નિયમોના પાલનમાં ખામી મળતાં કાર્યવાહી, ૧૫ દિવસમાં પ્લાન્ટ બંધ કરવા નિર્દેશ

# ટુંડાવની ઈન્ડો એમાઈન્સ સામે GPCBનો ક્લોઝર આદેશ

**કંપનીએ** NSE-BSEને જાણ કરી, ખામીઓ દૂર કરી આદેશ રદ કરાવવા રજૂઆતની તૈયારી

**13 જુલાઈ** કરવામાં આવેલા નિરીક્ષણમાં ખામીઓ સામે આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ટુંડાવ ગામ ખાતે આવેલી ઈન્ડો એમાઈન્સ લિમિટેડની ઉત્પાદન એકમ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)એ ક્લોઝર ડિરેક્શન જાહેર કરતાં કંપનીમાં ખળભળાટ મચી ગયો છે. કંપનીએ આ અંગે 21 જુલાઈ, 2026ના રોજ SEBIના નિયમો મુજબ NSE અને BSEને સત્તાવાર માહિતી આપી છે. GPCBના આદેશને પગલે પ્લાન્ટની કામગીરી સામે નિયમનકારી કાર્યવાહી શરૂ થઈ છે.

GPCBની ટીમે 13 જુલાઈ, 2026ના રોજ કંપનીના ટુંડાવ સ્થિત ઉત્પાદન એકમનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન Water (Prevention and Control of Pollution) Act, 1974 અને Air (Prevention and Control of Pollution) Act, 1981ની કેટલીક જોગવાઈઓનું પાલન ન થયું હોવાનું બોર્ડના નિરીક્ષણમાં સામે આવ્યું હતું. સાથે જ કંપનીને આપવામાં આવેલી Consolidated Consent and Authorization (CCA)ની કેટલીક શરતોના પાલનમાં પણ ખામીઓ નોંધાઈ હતી.

GPCB દ્વારા કંપનીના પ્લોટ નં. 1723, 1724 અને 1746માં આવેલી ઉત્પાદન પ્રવૃત્તિઓ બંધ કરવા આદેશ આપવામાં આવ્યો છે. આ પ્લોટો ટુંડાવ ગામ, સાવલી તાલુકા અને વડોદરા જિલ્લામાં આવેલા છે. બોર્ડના આદેશ મુજબ, આ ઉત્પાદન પ્રવૃત્તિઓ આદેશ જાહેર થયાની તારીખથી 15 દિવસની અંદર બંધ કરવાની રહેશે.

કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપેલી માહિતીમાં જણાવ્યું છે કે GPCB દ્વારા દર્શાવવામાં આવેલી ખામીઓને દૂર કરવા માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. ક્લોઝર આદેશ રદ કરાવવા માટે કંપની બોર્ડ સમક્ષ જરૂરી જવાબ અને રજૂઆત કરવાની પ્રક્રિયામાં છે. કંપનીનો પ્રયાસ નિયમોનું પાલન કરીને પ્લાન્ટની કામગીરી ફરી સામાન્ય બનાવવાનો છે.

કંપનીએ વધુમાં સ્પષ્ટ કર્યું છે કે હાલના તબક્કે GPCBના આ આદેશની કંપનીની કામગીરી અથવા નાણાકીય સ્થિતિ પર કોઈ તાત્કાલિક અસર થઈ નથી. ટુંડાવ સ્થિત એકમ સિવાય કંપનીના અન્ય તમામ ઉત્પાદન એકમો રાબેતા મુજબ કાર્યરત રહેશે. કંપની દ્વારા સંબંધિત વિભાગ સાથે જરૂરી સંકલન કરીને નિયમનકારી પ્રક્રિયા પૂર્ણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. GPCB દ્વારા દર્શાવવામાં આવેલી ખામીઓનું નિરાકરણ લાવવા માટે ટેકનિકલ અને વહીવટી સ્તરે પગલાં લેવામાં આવી રહ્યા છે. કંપનીને આશા છે કે જરૂરી સુધારાઓ અને રજૂઆત બાદ ક્લોઝર આદેશ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. આ મામલે આગામી સમયમાં કોઈ મહત્વપૂર્ણ વિકાસ થશે તો તેની જાણ સ્ટોક એક્સચેન્જને કરવામાં આવશે.

### અન્ય એકમોની કામગીરી ચાલુ રહેશે

કંપનીએ સ્પષ્ટતા કરી છે કે GPCBના આદેશની હાલના તબક્કે કંપનીની કામગીરી અથવા નાણાકીય સ્થિતિ પર કોઈ તાત્કાલિક અસર થઈ નથી. ટુંડાવના સંબંધિત પ્લાન્ટ સિવાય કંપનીના અન્ય તમામ ઉત્પાદન એકમો યથાવત કાર્યરત રહેશે. આ મુદ્દે આગામી સમયમાં કોઈ મહત્વપૂર્ણ વિકાસ થશે તો તેની માહિતી સ્ટોક એક્સચેન્જને આપવામાં આવશે.

### કયા નિયમોના પાલનમાં ખામી?

GPCBના નિરીક્ષણમાં Water Act, 1974, Air Act, 1981 તથા કંપનીની CCAની કેટલીક શરતોના પાલનમાં ખામીઓ નોંધાઈ હતી. કંપની હવે આ ખામીઓ દૂર કરવા જરૂરી સુધારાત્મક પગલાં લઈ રહી છે અને ક્લોઝર આદેશ રદ કરાવવા બોર્ડ સમક્ષ રજૂઆત કરવાની તૈયારીમાં છે. GPCBના નિરીક્ષણમાં પર્યાવરણ સંબંધિત નિયમોના પાલનમાં ખામીઓ સામે આવી હતી. કંપનીએ ખામીઓ દૂર કરવા કામગીરી શરૂ કરી છે. પ્લાન્ટમાં જરૂરી સુધારા અને નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા પગલાં લેવાઈ રહ્યા છે. સાથે જ GPCB સમક્ષ જવાબ રજૂ કરી ક્લોઝર આદેશ રદ કરાવવા કંપની દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

---

### ગોત્રી ડેપો ખાતેથી વધુ ૨૦ ઈ-બસોને લીલી ઝંડી દર્શાવી કાર્યરત કરાઈ

## વડોદરા શહેરમાં ઈ-બસની સંખ્યા ૫૦ પહોંચી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ અધૂરું

**૨૦૦** ઈ-બસોના લક્ષ્યાંક સામે ચાર્જિંગ સ્ટેશનો અને પાર્કિંગ સુવિધાઓના વિલંબથી પાલિકા તંત્ર સામે સવાલો



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરને 'ક્લીન સિટી-ગ્રીન સિટી' બનાવવા અને પ્રદૂષણમુક્ત જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવા મહાનગરપાલિકા દ્વારા ઈ-બસ સેવાનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. ગોત્રી વિસ્તારમાં કોલાબેરા પાછળ આવેલા ગોત્રી ઈ-બસ ડેપો ખાતેથી વધુ 20 નવી ઈલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરાયું હતું. આ સાથે શહેરમાં દોડતી ઈ-બસોની સંખ્યા વધીને 50 થઈ છે. બેટરીથી ચાલતી બસોના કાફલામાં વધારો થતાં મુસાફરોને વધુ પર્યાવરણમિત્ર જાહેર પરિવહનનો લાભ મળશે.

જોકે, ઈ-બસોની સંખ્યા વધારવાની સાથે તેમના સંચાલન માટે જરૂરી માળખું તૈયાર કરવાનો પડકાર પણ ઊભો થયો છે. બસોના ચાર્જિંગ, પાર્કિંગ અને મેઈન્ટેનન્સ માટે પૂરતી સુવિધાઓ ઊભી કરવામાં હજુ કામગીરી બાકી હોવાનું સામે આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રદૂષણ ઘટાડવા દેશના વિવિધ શહેરોને ઈલેક્ટ્રિક બસો ફાળવવામાં આવી રહી છે. વડોદરા મનપાએ પણ ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કુલ 200 ઈ-બસો માટે પ્રપોઝલ રજૂ કર્યું છે. આટલા મોટા કાફલાના સંચાલન માટે જરૂરી બસ પાર્કિંગ, ચાર્જિંગ સ્ટેશન, રિયલ ટાઈમ મોનિટરિંગ સિસ્ટમ અને આધુનિક ડેપો તૈયાર કરવાની કામગીરી તબક્કાવાર ચાલી રહી હોવાનું તંત્રનું કહેવું છે.

ઈ-બસો પ્રદૂષણ ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને ઈંધણ ખર્ચમાં પણ રાહત આપી શકે છે. જોકે, બસોની સંખ્યા વધારવા સાથે ચાર્જિંગ નેટવર્ક અને ટેકનિકલ સપોર્ટ પણ સમયસર ઉપલબ્ધ કરાવવો જરૂરી છે. પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં હોય તો બસોનો કાફલો વધ્યા છતાં સેવાનો સંપૂર્ણ લાભ મુસાફરોને મળી શકશે નહીં. તેથી 200 ઈ-બસોના લક્ષ્યને ધ્યાનમાં રાખીને મનપાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ ઝડપી પૂર્ણ કરવું જરૂરી બન્યું છે.

## ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકની TAT મુખ્ય પરીક્ષા યોજાઈ : ૩૯૨ ગેરહાજર

**વડોદરામાં** ૪૫ કેન્દ્રો પર ૭૯૨૪ ઉમેદવારોએ પરિક્ષા આપી : ૯૫.૨૯% હાજરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષા રાજ્યભરમાં યોજાઈ હતી. વરસાદી સ્થિતિને કારણે અગાઉ 2 ઓગસ્ટના રોજ મોકૂફ રખાયેલી આ પરીક્ષા શનિવારે નિર્ધારિત સમયે લેવામાં આવી હતી.

રાજ્ય પરીક્ષા બોર્ડના જણાવ્યા અનુસાર સમગ્ર રાજ્યમાંથી આ પરીક્ષા માટે કુલ 50,069 ઉમેદવારો નોંધાયા હતા. પરીક્ષા રાજ્યના 4 મુખ્ય જિલ્લાઓ સહિત કુલ 278 કેન્દ્રો પર બે સેશનમાં લેવામાં આવી હતી. પરીક્ષાનું પ્રથમ પેપર-1 સવારે 10:30 થી બપોરે 1:00 સુધી લેવાયું હતું. જેમાં નિબંધ, સંક્ષેપીકરણ, પત્રલેખન અને વ્યાકરણ આધારિત 100 ગુણના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. બીજું પેપર-2 બપોરે 3:00 થી સાંજે 6:00 સુધી યોજાયું હતું. કુલ 200 ગુણની આ પરીક્ષા હેતુલક્ષી પ્રકારની હતી. શિક્ષક બનવાનું સપનું ધરાવતા ઉમેદવારો માટે આ પરીક્ષા અત્યંત મહત્વની છે. વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આ પરીક્ષા માટે 45 પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા. વડોદરા જિલ્લામાંથી પેપર-1 માટે 8316 ઉમેદવારો નોંધાયા હતા. જેમાંથી 7924 ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા જ્યારે 392 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આમ વડોદરામાં હાજરીનું પ્રમાણ 95.29% નોંધાયું હતું. વહેલી સવારથી જ ઉમેદવારો પોતાના કેન્દ્રો પર પહોંચી ગયા હતા.

પરીક્ષાની પારદર્શિતા જાળવવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તમામ 278 કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને પેપર ટ્રેકિંગ સિસ્ટમ ગોઠવવામાં આવી હતી. જેના કારણે પેપર લીક અને અન્ય ગેરરીતિઓને અટકાવી શકાય. આ ઉપરાંત પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે તમામ કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### પનીરના નામે ભેળસેળ રોકવા શનિવારે પણ અધિકારીઓ મેદાનમાં

## આરોગ્ય સાથે ચેડાં કરનારા સામે ફૂડ સેફ્ટી તંત્રની તવાઈ: ૨૭ જગ્યાએ ઓચિંતુ ચેકિંગ

**વારસિયાની** બે ડેરીમાંથી શંકાસ્પદ પનીરના સેમ્પલ, લેબ રિપોર્ટની રાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અટકાવી નાગરિકોના આરોગ્યનું રક્ષણ કરવા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખાએ એનાલોગ પનીર સામે સઘન ઝુંબેશ શરૂ કરી છે. ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીર, બટર અને ચીઝના વેચાણ પર પ્રતિબંધ મૂકાયા બાદ શનિવારની રજા હોવા છતાં ફૂડ સેફ્ટી અધિકારીઓએ શહેરમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું.

છેલ્લા બે દિવસથી ચાલી રહેલી કાર્યવાહીમાં એનાલોગ પનીરના ઉત્પાદકો, મોટા ડિસ્ટ્રીબ્યુટર અને છૂટક વેપારીઓ સહિત શહેરના 27 જેટલા સ્થળોએ તપાસ કરવામાં આવી હતી.



રાજમહેલ રોડ પર આવેલા 'સંતુષ્ટિ' આર.વી. પૂર ખાતે શંકાસ્પદ પનીર વેચાતું હોવાની બાતમીના આધારે તપાસ કરાઈ હતી. જોકે, સ્થળેથી નિયમ મુજબનું 'મીડિયમ ફેટ મલાઈ પનીર' અને 'લો ફેટ પનીર' જ મળી આવતાં કોઈ ગેરરીતિ મળી નહોતી.

તપાસ દરમિયાન વેપારીઓને ફૂડ લાયસન્સ દુકાનમાં ગ્રાહકોને સ્પષ્ટ દેખાય તે રીતે કાયમી ધોરણે ડિસ્પ્લે કરવા સૂચના આપવામાં આવી હતી. તંત્રએ ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

વારસિયા રિંગ રોડ પર ઝુલેલાલ મંદિર નજીક આવેલી 'સુગના ડેરી' અને 'સતનામ ડેરી'માંથી શંકાસ્પદ પનીરના સેમ્પલ લેવામાં આવ્યા છે. બંને સેમ્પલ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલાયા છે. પનીરમાં એનાલોગ પનીરની ભેળસેળ છે કે નહીં તેનો રિપોર્ટ આવવામાં આશરે 14 દિવસ લાગી શકે છે. રિપોર્ટમાં માલ અપ્રમાણસર જણાશે તો દુકાનદારો સામે કાયદેસરની કાર્યવાહી થશે.

ફૂડ સેફ્ટી વિભાગે તમામ વેપારીઓને દુકાનનું ફૂડ લાયસન્સ ગ્રાહકોને સ્પષ્ટ દેખાય તે રીતે ડિસ્પ્લે કરવાની સૂચના આપી છે. નિયમોના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

VMCની ખોરાક શાખાએ સ્પષ્ટ કર્યું છે કે એનાલોગ પનીર સહિત ભેળસેળિયા ખાદ્યપદાર્થો સામેની તપાસ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

### ગોત્રીની શિવાલય હાઈટ્સમાં રમતા રમતા બાળક નીચે પટકાયું

## ૯મા માળેથી પટકાતા બે વર્ષના અંશનું કરુણ મોત

**GMERSમાં** સારવાર દરમિયાન દમ તોડ્યો, પોલીસે અકસ્માતે મોતની તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલી શિવાલય હાઈટ્સ એપાર્ટમેન્ટમાં રમતા-રમતા ૯મા માળેથી નીચે પટકાતા બે વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. અચાનક બનેલી આ દુર્ઘટનાથી મૌર્ય પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, શિવાલય હાઈટ્સમાં રહેતા મૌર્ય પરિવારનો બે વર્ષનો પુત્ર અંશ મૌર્ય ઘરમાં રમતો હતો. દરમિયાન રમતા-રમતા તે એવી જગ્યાએ પહોંચી ગયો હતો જ્યાંથી અસંતુલિત થઈને અચાનક ૯મા માળેથી નીચે પટકાયો હતો. નીચે પટકાતા અંશને માથા સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં પરિવારજનો અને આસપાસના રહીશો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોહીલુહાણ અને ગંભીર હાલતમાં અંશને તાત્કાલિક ગોત્રી GMERS હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. તબીબોએ બાળકનો જીવ બચાવવા પ્રયાસો કર્યા હતા, પરંતુ માથામાં થયેલી ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન જ અંશનું મોત નીપજ્યું હતું. ઘરમાં કિલકિલાટ કરનાર એકમાત્ર વ્હાલસોયા પુત્રના અચાનક મોતથી માતા-પિતા સહિત પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. બનાવની જાણ થતાં ગોત્રી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના હાઈરાઈઝમાં રહેતા પરિવારો માટે નાના બાળકોની ગેલેરી અને બારીઓની સુરક્ષા અંગે સાવચેતીની લાલબત્તી સમાન બની છે.

## ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી નોંધપાત્ર વરસાદ થયો નથી અને કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડી રહ્યા છે. હવામાન વિભાગે આજથી 14 ઓગસ્ટ સુધી રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરી છે. હાલ મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય હોવાથી આગામી સાત દિવસ ભેજનું પ્રમાણ વધુ રહેવાની સાથે વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેશે. આગામી ત્રણ દિવસ દરિયાકાંઠાના વિસ્તારોમાં 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. વડોદરામાં પણ 14 ઓગસ્ટ સુધી ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી. શહેરમાં મહત્તમ 33.4 અને લઘુત્તમ 26.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આગામી સપ્તાહે મહત્તમ તાપમાન 31થી 34 અને લઘુત્તમ 27થી 28 ડિગ્રી રહેવાની શક્યતા છે.

### ૧ જૂનથી કરાયેલા સર્વેમાં ૬,૯૦૦ ખાડા પૂરાયાનો તંત્રનો દાવો

## ૭,૦૦૦ ખાડા પૂરવા પાછળ કોર્પોરેશને રૂ. ૪ કરોડ ધૂળધાણી કર્યા

**ગણેશોત્સવ** અને તહેવારો પૂર્વે તમામ આગમન રૂટો ખાડામુક્ત કરવા ચારેય ઝોનમાં રાત-દિવસ કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ રસ્તાઓની સ્થિતિ બિસ્માર બની હતી. વિવિધ વિસ્તારોમાં નાના-મોટા ખાડાઓ પડતાં વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા રોડની સ્થિતિનો સર્વે કરી ખાડા પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપાના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા પહેલાં શહેરના 20થી વધુ સ્થળોએ ડ્રેનેજ લાઈન તેમજ પુશિંગ પદ્ધતિથી પીવાના પાણીની લાઈનના મોટા



કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સંબંધિત રસ્તાઓ પર પેચવર્ક કરાયું હતું. જોકે, ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને પાણી ભરાવાથી અનેક સ્થળે અગાઉ કરાયેલ પેચવર્કને નુકસાન થયું હતું. જેના કારણે ફરીથી રસ્તાઓનું સમારકામ કરવાની જરૂર પડી હતી.

મનપા દ્વારા 1 જૂનથી વરસાદી સિઝનને ધ્યાનમાં રાખીને શહેરના રસ્તાઓનો દરરોજ સર્વે કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં સમગ્ર શહેરમાં 7 હજારથી વધુ ખાડા ચિહ્નિત કરાયા છે. ચારેય ઝોનના ડામર પ્લાન્ટમાંથી મટીરીયલ મેળવી દિવસ-રાત પેચવર્ક કરવામાં આવી રહ્યું છે. મનપાના દાવા મુજબ, અત્યાર સુધીમાં અંદાજે રૂ.4 કરોડના ખર્ચે 6,900થી વધુ ખાડા પૂરી દેવામાં આવ્યા છે. હાલમાં આશરે 500 ખાડા પૂરવાના બાકી છે. વરસાદમાં વિરામ મળશે તો આગામી એક સપ્તાહમાં બાકી કામગીરી પૂર્ણ કરવાનો તંત્રનો દાવો છે. આગામી દિવસોમાં દશામાના વ્રત બાદ ગણેશોત્સવની ઉજવણી શરૂ થવાની છે. વડોદરા ઉત્સવપ્રિય શહેર હોવાથી ગણેશજીની સ્થાપના, આગમન-વિસર્જનના રૂટ તેમજ મોટા મંડપ-પંડાલવાળા વિસ્તારોના રસ્તાઓને પ્રાથમિકતા આપી સમારકામ કરવામાં આવી રહ્યું છે. તહેવારો પહેલાં શહેરના મુખ્ય માર્ગો ખાડામુક્ત બને અને લોકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે મનપા દ્વારા કામગીરી ઝડપી બનાવાઈ છે.

## વડોદરા અને વિશ્વામિત્રીથી રત્નાગિરી માટે ગણપતિ સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

ગણપતિ મહોત્સવ દરમિયાન મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા અને વિશ્વામિત્રીથી રત્નાગિરી વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેનોમાં વિવિધ કેટેગરીના કોચ ઉપલબ્ધ રહેશે અને મહારાષ્ટ્ર તરફ જતા મુસાફરોને વધારાની સુવિધા મળશે.

ટ્રેન નં. 09114 વડોદરા-રત્નાગિરી સ્પેશિયલ 15 સપ્ટેમ્બરે સવારે 11:15 વાગ્યે વડોદરાથી ઉપડી બીજા દિવસે રાત્રે 12:30 વાગ્યે રત્નાગિરી પહોંચશે. પરત ટ્રેન નં. 09113 રત્નાગિરીથી 16 સપ્ટેમ્બરે રાત્રે 1:30 વાગ્યે ઉપડી સાંજે 5:30 વાગ્યે વડોદરા પહોંચશે. બંને દિશામાં ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, ખેડ, ચિપલૂણ સહિતના સ્ટેશનો પર રોકાણ રહેશે. તેમાં ફર્સ્ટ એસી, એસી 2-ટિયર, એસી 3-ટિયર, એસી 3-ટિયર ઈકોનોમી, સ્લીપર અને જનરલ કોચ હશે.

ટ્રેન નં. 09110 વિશ્વામિત્રી-રત્નાગિરી 12થી 23 સપ્ટેમ્બર સુધી દર બુધવાર અને શનિવારે સવારે 10 વાગ્યે ઉપડશે. પરત ટ્રેન નં. 09109 13થી 24 સપ્ટેમ્બર સુધી દર ગુરુવાર અને રવિવારે રાત્રે 1:30 વાગ્યે રત્નાગિરીથી ઉપડશે. આ ટ્રેનોમાં એસી 3-ટિયર, સ્લીપર અને જનરલ કોચ રહેશે.

ટ્રેન નં. 09124 વિશ્વામિત્રી-રત્નાગિરી 14 અને 21 સપ્ટેમ્બરે સવારે 5:55 વાગ્યે ઉપડી રાત્રે 8 વાગ્યે રત્નાગિરી પહોંચશે. પરત ટ્રેન નં. 09123 રત્નાગિરીથી બંને તારીખે રાત્રે 9 વાગ્યે ઉપડી બીજા દિવસે સવારે 11:45 વાગ્યે વિશ્વામિત્રી પહોંચશે. આ ટ્રેનોમાં પણ એસી 3-ટિયર, સ્લીપર અને જનરલ કોચ રહેશે.

ટ્રેન નં. 09114, 09110 અને 09124 માટેનું બુકિંગ 9 ઓગસ્ટથી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. તમામ સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર દોડાવવામાં આવશે.

### બળજબરીથી રોજા રખાવી બુરખો પહેરાવ્યા હોવાનો આક્ષેપ

## પરિણીત હોવાની ઓળખ છુપાવી યુવકે યુવતી સાથે પ્રેમ સંબંધ બાંધ્યા

**યુવતીએ** ઘરે જઈને ઝઘડો કરતા યુવકની પત્નીએ પરિણીત હોવાનો ભાંડો ફોડ્યો

**પોલીસે** કહ્યું યુવતીની ફરિયાદ લીધી છે, તેના દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપ ખોટા છે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 8

વડોદરા શહેરમાં એક શખ્સે પોતાની વૈવાહિક ઓળખ છુપાવી યુવતી સાથે પ્રેમસંબંધ બાંધ્યો હોવાના આક્ષેપ સાથેનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી છે. યુવતીના આક્ષેપ મુજબ, પ્રેમીએ પોતે અપરિણીત હોવાનું જણાવી તેની સાથે સંબંધ કેળવ્યો હતો. એટલું જ નહીં, તેના કહેવાથી યુવતીએ રોજા રાખ્યા અને ધાર્મિક રીતરિવાજોનું પાલન પણ કર્યું હતું. જોકે, બાદમાં યુવતીને પ્રેમી પરિણીત હોવા ઉપરાંત સંતાનોનો પિતા હોવાનું જાણવા મળતાં તેણે સંબંધ તોડી નાખ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

મળતી માહિતી મુજબ, યુવતીને મીરાન કાદરી નામના શખ્સ સાથે પ્રેમસંબંધ હતો. યુવતીનો આક્ષેપ છે કે મીરાને પોતાની વાસ્તવિક વૈવાહિક સ્થિતિ અને સંતાનો અંગેની હકીકત તેનાથી છુપાવી હતી. પ્રેમસંબંધ દરમિયાન તેના કહેવાથી યુવતીએ રોજા રાખ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

બાદમાં યુવતી મીરાનના ઘરે પહોંચી હતી. ત્યાં તેની પત્ની પાસેથી મીરાન પરિણીત હોવા તેમજ તે બે સંતાનોનો પિતા હોવાનું જાણવા મળતાં યુવતીને સમગ્ર હકીકતની જાણ થઈ હતી. આ પછી યુવતીએ સંબંધ તોડી નાખ્યો હોવાનો દાવો કર્યો છે.

યુવતીએ આ મામલે ફતેગંજ અને મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ કરવા માટે પ્રયાસ કર્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. શરૂઆતમાં ફરિયાદ નોંધવામાં આવી ન હોવાના આક્ષેપો બાદ મામલો મીડિયામાં આવતાં મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવાયું છે.

યુવતીએ પ્રેમી સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. બીજી તરફ, પોલીસ દ્વારા યુવતીના આક્ષેપોને ખોટા ગણાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ફરિયાદના આધારે સમગ્ર મામલે હકીકત શું છે અને યુવતી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોમાં કેટલું તથ્ય છે તે અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## વડોદરા વકીલ મંડળની લડતનો અંત, હાઈકોર્ટે A4 પેપર અને ફોન્ટનો પરિપત્ર પરત ખેંચ્યો



**ચોથા દિવસે** અનિશ્ચિત હડતાલ સમેટાઈ, કોર્ટની કામગીરી ફરી શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા વકીલ મંડળની સતત રજૂઆત અને વિરોધને આખરે સફળતા મળી છે. ગુજરાત હાઈકોર્ટે A4 સાઈઝના પેપર અને નિર્ધારિત ફોન્ટ અંગે જાહેર કરાયેલ પરિપત્ર પરત ખેંચી લીધો છે.

હાઈકોર્ટના આ નિર્ણય બાદ વડોદરા વકીલ મંડળે હડતાલના ચોથા દિવસે પોતાની અનિશ્ચિત મુદતની હડતાલ સમેટી લીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી વકીલો પરિપત્રના વિરોધમાં કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહી વિવિધ રીતે વિરોધ નોંધાવી રહ્યા હતા. પરિપત્ર પરત ખેંચાતા જ વડોદરા વકીલ મંડળમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. વકીલોએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચીને પોતાની માંગ સ્વીકારાયાની ઉજવણી કરી હતી. વકીલોએ તેમના સંગઠિત વિરોધને મળેલી સફળતા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. વકીલ મંડળની રજૂઆત બાદ હાઈકોર્ટનો આ નિર્ણય વકીલોના હિતમાં મહત્વપૂર્ણ ગણાઈ રહ્યો છે. પરિપત્ર પરત ખેંચાતા હવે કોર્ટની કામગીરી ફરીથી રાબેતા મુજબ શરૂ થવાનો માર્ગ મોકળો થયો છે.

### માતા-પિતા અને સ્વજનોના હૈયાફાટ રૂદનથી હોસ્પિટલ પરિસરમાં ભારે શોક

## દંતેશ્વરમાં રમતાં રમતાં પાણીની ટાંકીમાં પડી જતાં બે વર્ષની માસૂમ બાળકીનું મોત

**પરિવારજનો** તાત્કાલિક સયાજી હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં લઈ આવ્યા, પરંતુ ડોક્ટરોના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા

(પ્રતિનિધિ) વડોદરા. તા.૮

શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડા હાઉસિંગ ખાતે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ઘરે રમતા-રમતા અચાનક પાણીની ટાંકીમાં પડી જવાથી બે વર્ષની માસૂમ બાળકીનું મોત નીપજ્યું છે. આ અચાનક બનેલી ગોઝારી ઘટનાને કારણે સમગ્ર પરિવારમાં ભારે શોક અને અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દંતેશ્વર ગામના વુડા હાઉસિંગમાં રહેતા અનવી વિષ્ણુભાઈ રાઠવા, ઉંમર વર્ષ ૨. આજરોજ સવારે પોતાના ઘર આંગણે રમી રહી હતી. પરિવારના સભ્યો ઘરના કામમાં વ્યસ્ત હતા, તે દરમિયાન માસૂમ અનવી રમતા-રમતા અજાણતા જ પાણીની ટાંકી સુધી પહોંચી ગઈ હતી અને તે ટાંકીમાં પડી ગઈ હતી.

થોડીવાર પછી બાળકી દેખાઈ નહીં આવતા પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. પરિવારની નજર ટાંકી પર પડતા અનવી પાણીમાં ડૂબેલી હાલતમાં મળી આવી હતી. પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને તાત્કાલિક બાળકીને બચાવવા માટે દોડધામ મચી ગઈ હતી. પરિવારજનો અનવીને ગંભીર હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગમાં લઈને દોડી આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા પહેલા જ ડૉક્ટરોની ટીમે તાત્કાલિક ધોરણે બાળકીની સારવાર શરૂ કરી હતી. પરંતુ કમનસીબે, ટાંકીમાં લાંબો સમય પાણીમાં ડૂબી રહેવાના કારણે માસૂમનો શ્વાસ રુંધાઈ ગયો હતો અને સારવાર દરમિયાન બપોરે ૧૨:૪૫ કલાકે હોસ્પિટલના બિછાને જ અનવીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

માત્ર બે વર્ષની ફૂલ જેવી દીકરીના અચાનક આકસ્મિક અવસાનથી રાઠવા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. માસૂમના માતા-પિતા અને સ્વજનોના હૈયાફાટ રૂદનથી હોસ્પિટલ પરિસરમાં ભારે શોક વ્યાપી ગયો હતો. આ નાની વયે બાળકીના દુ:ખદ આકસ્મિક મૃત્યુથી સમગ્ર દંતેશ્વર પંથકમાં પણ ભારે શોક છવાઈ ગયો છે.